# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૬/૦૬/૨૦૨૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૧૯/૨૦૨૫**

**વાડજઃ** પ્રિયવદન પાનાચંદભાઈ શાહ (ઉ.વ.૭૭) (રહે. સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૫ સાંજના ૬/૩૦ થી તા.૧૫/૦૬/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઉસ્માનપુરા વિદ્યાનગર સોસાયટી વિભાગ-૨ બંગલા નંબર-૬ ખાતે આવેલ પોતાના મકાનના પાછળના ભાગે વિન્ડો એ.સી.ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી ચાંદીના દાગીના તેમજ જૂના ચલણી સિક્કા, કપડાની શાલ નંગ-૩૪ અને રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.જી.જોષી ચલાવે છે.

**શાહીબાગઃ** અમિતભાઇ મોહનલાલ શાહ (રહે. આશુતોષ રેસીડેન્સી, કેશવનગર, સુભાષબ્રીજ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૫ રાતના ૯/૩૦ થી તા.૧૫/૦૬/૨૦૨૫ કલાક ૬/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાહીબાગ સુજાતા ફ્લેટ સામે મલ્લીનાથ કોમ્પલેક્ષમાં પહેલા માળે અમિતભાઇ શાહ નાઓની દુકાનના શટરનાં તાળા તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી દુકાનમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧૫,૪૯,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૬,૧૪,૦૦૦/- તથા સાહેદની દુકાનોમાંથી સોની કંપનીના સ્પીકર નંગ-૦૪ , મોબાઇલ ફોન નંગ-૩ કિમત ૯,૦૦૦/- રોકડ રૂપિયા ૧૪૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૬,૩૯,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એ.આંબલીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૨૦/૨૦૨૫**

**નિકોલઃ** લલિત ખેમરાજભાઈ ચૌધરી (ઉ.વ૩૧) (રહે. શ્રીનાથ રેસીડેન્સી આંબેડકર આવાસ યોજના નજીક નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૧૪/૦૬/૨૦૨૫ રાતના ૯/૦૦ થી તા.૧૫/૦૬/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લોખંડની બારી સાથે પટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભાવેશકુમાર રમણીકલાલ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી